# મતદારયાદીની સુધારણા–૨૦૨૦

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ–૨૦૨૦ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક**

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?

શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?

શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

## આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી કયાં જોવા મળશે ?

**તા.૧૬–૧૨–૨૦૧૯ થી તા.૧૫–૦૧–૨૦૨૦ સુધી મતદારયાદીનો મુસદ્દો,**

- કલેકટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- પ્રાંત અધિકારી/મામલતદારની કચેરી
- મ્યુનિસિપાલિટીની કચેરી

**ખાતે રાખવામાં આવેલ છે, જયાં આપના નામ, ફોટો સાથેની વિગતોની રૂબરૂ ચકાસણી કરી શકશો. આપ ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in અને www.ceo.gujarat.gov.in પર પણ આપના નામની ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ચૂંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન "Voter Helpline" ડાઉનલોડ કરી તેમાં આપની વિગતની ચકાસણી કરી શકશો.**

## જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૦૧–૦૧–૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના–૬** (**ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત**)માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના–૭** માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા **નમૂના–૮** માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના–૮(ક)** માં અરજી કરવી.

- **ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.**
- **ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.**
- **આ ઉપરાંત રાજયના CSC તથા eGVGS(e-Gram Vishwagram Society) સેન્ટરો ખાતે પણ ઓનલાઈન અરજી નિયત નજીવી ફી ભરીને કરી શકશો.**

**તા.૨૨–૧૨–૨૦૧૯(રવિવાર), તા.૫–૦૧–૨૦૨૦(રવિવાર) અને તા.૧૨–૦૧–૨૦૨૦(રવિવાર)**ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ **સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦** કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ ઉપરોકત દિવસોએ પરત આપી શકશો.

## હવે SMS ધ્વારા પણ વિગતો ચકાસી શકાશે

**આપના મોબાઈલથી ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૧૯૫૦ નંબર પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.**

**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર (કામકાજના સમય દરમ્યાન) સંપર્ક કરો**

**એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારા–૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે**

**અરજી કરવાની તારીખ : ૧૬–૧૨–૨૦૧૯ થી તા.૧૫–૦૧–૨૦૨૦ સુધી**

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત**

## Revision of Electoral Roll - 2020

**Opportunity to register your name in the Electoral Roll under Programme of Revision of Electoral Roll - 2020**

Is your name registered in Photo Electoral Roll?
Is your Eligible Family member's name registered in Electoral Roll?
Is your name registered in the Polling Station situated in the area where you normally reside?

## Where can you verify these details in the Electoral Roll ?

## From 16.12.2019 to 15.01.2020 the Draft of the Electoral Roll is kept at,

- Collector Office
- Ward office of Municipal Corporation
- Office of Electoral Registration Officer / Assistant Electoral Registration Officer
- Gram Panchayat
- Prant/Mamlatdar Office
- Municipality office

**where you can verify your name, photo and details. You can also verify these details on the Election Commission of India's website nvsp.in and www.ceo.gujarat.gov.in. You can download the mobile application "Voter Helpline" of the Election Commission of India and verify details.**

**AS AN AWARE CITIZEN, YOUR ACTIVE PARTICIPATION IS NECESSARY FOR DEMOCRACY**

### How to register / delete any name or take objection against a particular name / make corrections in name, photo and other details in Electoral Roll?

- If on 01.01.2020 you would be attaining the age of 18 years, you are eligible to register your name in the Electoral Roll. You have to file your details in FORM-6 along with age & residential proof documents. Affix your passport size colour photo at appropriate place in FORM-6, to ensure that your photo appears against your name in the Electoral Roll.
- If an objection is to be raised against someone's name OR to delete any name from the Electoral Roll, file the details in FORM-7.
- To carry out correction in your name, photo and other particulars in the Electoral Roll, file the details in FORM-8.
- To transfer your name from one Polling Booth to another Polling Booth located within same Assembly constituency, file the details in FORM-8(A)

- **Above Forms are available free of cost at Collector Office, Office of the Electoral Registration Officer/Assistant Electoral Registration Officer, Prant /Mamlatdar Office and Booth Level Officer.**
- **You can submit filled Forms at these offices. You can also apply online on the Election Commission of India's website nvsp.in and www.ceo.gujarat.gov.in.**
- **You can also apply online at CSC and eGVGS (E-Gram Vishwagram Society) centers by paying prescribed nominal fees.**

Special Campaign Days have been organised on **22.12.2019(Sunday), 05.01.2020(Sunday) and 12.01.2020 (Sunday) during 10.00 am to 17.00 pm.** You can obtain relevant Forms at the Polling Booth of your area, and duly filled in Forms can be submitted at the same place during above days.

### Now you can verify the details through SMS also

**To know your Electoral detail, type in your mobile ECI<SPACE>Your Electoral Photo Identity Card Number and to know your Booth Level Officer details type ECICONTACT<SPACE>Your Electoral Photo Identity Card Number and send it on 1950.**

### For more details Contact on 1950 (During Office Hours)

### REMEMBER

**To be registered more than once in the same Assembly Constituency, OR having registered your name in more than one Assembly Constituency is an offence under the provisions of the Representation of the People Act-1950.**

### Dates to Apply : 16-12-2019 to 15-01-2020

**Even if you have an Electoral Photo Identity Card, but if your name is not registered in the Electoral Roll, you would not be able to cast your vote. Therefore even if you have Electoral Photo Identity Card, you must ensure that your name exists in the Electoral Roll**

**Chief Electoral Officer, Gujarat**